


# આહ્‌વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email : reveskant1964@gmail.com

Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Dr. Emanuel S. Kant

Ph. : 079-25503545 (M) 8780130474



વર્ષ - ૫૩ | સપ્ટેમ્બર - ૨૦૨૪ | પત્ર - ૧૩૩


## મનન

ખ્રિસ્ત ઈસુમાં મંડળીનાં સર્વ વ્હાલાઓ,

આપ સર્વને પ્રેમી સલામ.

ઓગસ્ટ માસના અંતિમ દિવસોમાં સામાન્ય કરતાં વધુ વરસાદ આવ્યો. ગુજરાતનાં ઘણાં બધાં વિસ્તારોમાં અતિવૃષ્ટિ, પુરને કારણે તબાહી સર્જાઈ. પાક તથા જાન-માલને ભારે નુકશાન પણ થયું. ઈશ્વરે આપણને સંભાળ્યા, બચાવ્યાં. સર્વને માટે આભાર. પૃથ્વી પર તથા આપણાં જીવનોમાં ઈશ્વર તેમની ઈચ્છા પ્રમાણે તેમનાં હેતુઓ સિદ્ધ કરે છે.

સપ્ટેમ્બર માસની ૫ મી તારીખે સમગ્ર ભારતમાં ‘શિક્ષક દિન’ તરીકે ઉજવવામાં આવે છે. તેની પાછળ આપણાં બધાનાં જીવન ઘડતરમાં માતા-પિતા, સ્નેહી મિત્રો, સગાં વહાલા કે સમાજ તો છે જ, પરંતુ આપણને શિક્ષિત કરવામાં આપણા શિક્ષકોનો ફાળો અનન્ય, અમૂલ્ય, અવર્ણનીય છે. શિસ્ત, શિક્ષા, શિક્ષણ આપનાર સર્વ શિક્ષકો વંદનીય, પ્રશંસનીય છે. તેમને યોગ્ય માન-સન્માન આદર આપવામાં આવે તે યોગ્ય છે. જો કે સાંપ્રત સમયમાં શિક્ષકની જગ્યાએ જુદી જુદીરીતે ઈન્ટરનેટનાં માધ્યમથી ઘણાં બધા શિક્ષણ મેળવે છે. જ્ઞાન મેળવે છે. છતાં એ પૂરતું નથી. કારણ તે માધ્યમથી જ્ઞાન તો મળે છે. છતાં સરળ સમજ, ભૂલોની શિક્ષાને શિસ્તનો સદંતર અભાવ ઉડીને આંખે વળગે છે. આજે ઈન્ટરનેટને કારણે ઘણાં બધાંનો આધાર એ શિક્ષક રહ્યાં નથી. કદાચ શિક્ષક વિના ઈન્ટરનેટને કારણે ઘણાં બધાં જ્ઞાન મેળવે છે, તે વાસ્તવિક છે.

પ્રભુના વચનોમાં ઈસુ ખ્રિસ્તને ગુરુ (શિક્ષક) તરીકેની પણ ઓળખ છે. તેમને ઉત્તમ શિક્ષક તરીકે આપણે જાણીએ છીએ. તેમણે તે સમયનાં લોકોને પહાડ પરનું ભાષણ, શીખવેલી પ્રાર્થના, તેમણે આપેલા નવા નિયમો, દ્રષ્ટાંતો દ્વારા શિક્ષણ આપ્યું હતું. લોકોને ઈશ્વરનાં રાજ્યને માટે તૈયાર કરવા, જૂના કરારનાં જે નિયમો છે, જડતાથી જ તેને વળગીરહેવા કરતા, તેમણે શીખવ્યું. ‘જૂનું સર્વ જતું રહ્યું છે, જુઓ સઘળું નવું થયું છે.’ તેમનું શિક્ષણ તે આખા જગત પર આવનાર પેઢીઓને સુધી અસરકારક બનેલ છે. જૂના કરારની વાતો તે એક પ્રજા કેન્દ્રિત હતી, તેમની નવા કરારની વાતો તે સમસ્ત જગત કેન્દ્રિત બને છે. જેમાં ઉત્તમ ઘેટાપાળકની ઉત્તમ શિક્ષકની તમામ લાક્ષણિકતાઓ આપણે જોઈએ છે. તેમના વચનો તે અનંતજીવન તરફ દોરી જનારા છે. તેનાં પર વિશ્વાસ કરીએ.

ઈશ્વરનાં વચનો જાણનાર શીખવનાર સર્વ શિક્ષકો છે. આપણે આ જગતનાં લોકોને ઈસુ ખ્રિસ્ત જેમણે ઉત્તમ શિક્ષક તરીકે શિક્ષણ આપ્યું છે. તે વિષે જગતને શીખવવાનું છે. ‘ઈશ્વરે જગત પર પ્રેમ કર્યો, તે આપણાં પાપ માફ કરવાને સમર્થ છે. તે આપણાં ઉદ્ધારકર્તા છે. અનંત જીવન આપનાર છે. આ શીખવનાર તમામ તે શિક્ષક છે. ચાહેતે પાળક, ઉપદેશક, સન્ડેસ્કૂલ શિક્ષક કે કોઈપણ હોય. તે તમામે આજ વાત શીખવવાની છે. આ પ્રકારનું શિક્ષણ આપનારે ઈશ્વરનાં વચનોને શીખવવાનાં છે.’

સન્ડેસ્કૂલ શિક્ષક તરીકે સેવા આપનાર સર્વનો આપણે આભાર માનીએ. તેમનાં દ્વારા બાળકોને ખ્રિસ્તીવિશ્વાસમાં વૃદ્ધિ પામવા ટકી રહેવા અદ્‌ભૂત શિક્ષણ આપવામાં આવે છે. ભવિષ્યની મંડળી મજબૂત બને માટે પાયાનું શિક્ષણ આપવામાં આવે છે. સાંપ્રત સમયમાં ઈન્ટરનેટ દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરવાની વાત. સન્ડેસ્કૂલ માટે આંશિક રીતે જ કદાચ સફળ બને. લોકડાઉનના સમયમાં ઘણી મંડળીઓ દ્વારા ઓનલાઈન સન્ડેસ્કૂલ ચલાવવા પ્રયત્નો કરવામાં આવેલ. કદાચ સફળ થયાં ! સન્ડેસ્કૂલ એ આપણી ધરોહર છે. જેને માટે શિક્ષક તરીકે સેવા આપતા દરેક પોતાનું યોગદાન આપે જ છે. આપણે હકારાત્મક રીતે દરેકની સેવાઓને માટે યોગદાનને ફાળો આપવાનો છે. સન્ડેસ્કૂલની સેવાઓ માટે આપણે તમામ સહકાર આપવાનો છે.

‘બાકી તો દરેક શિક્ષક આ વચન મુજબ સેવા તો આપશે જ. જે શિક્ષક હોય તેણે શિક્ષણ આપવામાં મંડ્યા રહેવું.’ રોમનોને પત્ર ૧૨:૭.

આભાર.

## ગત માસના કાર્ય તરફ દષ્ટિપાત

- તા. ૪-૮-૨૪ ભજનસેવા ચલાવવામાં આવી. પ્રથમ રવિવાર મેજની સંગતમાં જોડાયા.
- શુક્રવાર પ્રાર્થના બાઈબલ અભ્યાસ સંગતમાં મળ્યા.
- તા. ૧૧-૮-૨૪ ભજનસેવા. પાળક પ્રભુનું વચન લાવ્યા.
- તા. ૧૫-૮-૨૪ અમદાવાદ વેસ્ટ આયોજીત વિદ્યાર્થી સન્માન સમારંભ આપણાં ચર્ચમાં રાખવામાં આવેલ. આપણા ચર્ચ દ્વારા નાસ્તાની વ્યવસ્થા આપેલ.
- તા. ૧૬-૮-૨૪ શુક્રવાર પ્રાર્થના-બાઈબલ અભ્યાસ સંગતમાં જોડાયા.
- તા. ૧૯-૮-૨૪ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ દ્વારા 'વર્કીંગ વુમેન સેમિનાર' સિયોન ચર્ચ સાબરમતીમાં રાખવામાં આવેલ. આપણી મંડળીનાં ૫ બહેનોએ ભાગ લીધેલ.
- તા. ૧૮-૮-૨૪ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના મેથોડિસ્ટ મિશનરી મુવમેન્ટ ડિસ્ટ્રીક્ટ કક્ષાએ ડિસ્ટ્રીક્ટ બોર્ડની રચના કરવામાં આવી.
- તા. ૧૮-૮-૨૪ ભજનસેવા પાળક 'ઈસુનું રાજ્ય' વિષયે પ્રભુનું વચન લાવ્યા.
- તા. ૨૫-૮-૨૪ ભજનસેવામાં પાળક 'ઈસુનું રાજ્ય ક્યારે આવશે? આધારિત વચન લાવ્યા.
- તા. ૨૬-૮-૨૪ પાળકકુટુંબ સહ સામાન લઈને પાળક ગૃહમાં આવ્યાં.
- તા. ૩૦-૮-૨૪ શુક્રવારની પ્રાર્થના બાઈબલ અભ્યાસ સંગતમાં મળ્યા.

## નાણાંકીય અહેવાલ જુલાઈ- ૨૦૨૪

| | | |
|---|---|---|
| **તા.૧-૭-૨૪ ની ઉઘડતી સિલક** | | |
| | **રોકડ** | **૨૯૭૦૩.૦૦** |
| | **બેંક** | **૮૧૬૯૨૩.૫૯** |
| **તા.૩૧-૭-૨૪ સુધીની** | **આવક** | **૧૦૯૮૦૦.૦૦** |
| | **કુલ** | **૯૫૬૪૨૬.૫૯** |
| **તા.૩૧-૭-૨૪ની બંધ સિલક** | | |
| | **રોકડ** | **૨૩૫૨૫.૦૦** |
| | **બેંક** | **૭૪૧૫૮૮.૫૯** |
| **તા.૩૧-૭-૨૪ સુધીનો** | **ખર્ચ** | **૧૯૧૩૧૩.૦૦** |
| | **કુલ** | **૯૫૬૪૨૬.૫૯** |

**શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર**

## ૫૨ વર્ષ નિમિત્તે આભારસ્તુતિનો અહેવાલ

મેથોડિસ્ટ ચર્ચ શાહપુરના અસ્તિત્વને ૫૨ વર્ષ પૂર્ણ થતા તા. ૨૫-૮-૨૪નાં રવિવારે ભજનસેવામાં આભારસ્તુતિ કરવામાં આવી. ૫૦ વર્ષ પૂર્ણ થતાં સોવેનિયર તૈયાર કરેલ તે પ્રિન્ટ થઈને આવી ગયેલ તેને માટે આભાર માનતા વિતરણ કરેલ. ચર્ચ લે-એક્ટિવીટીના પ્રમુખ દ્વારા બધાનો આભાર માનવામાં આવેલ. સોવેનિયરમાં વધુ દાન, જાહેરખબરો લાવનાર સર્વનું પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ. સેક્રેટરી શ્રી સુનિલ મેકવાન દ્વારા ભૂતપૂર્વ પાળક રેવ. અરવિંદ ખ્રિસ્તી સાહેબનો આભાર માનવામાં આવ્યો. તેમની આગેવાની તેમજ પાળકીય સેવાઓને માટે નામી-અનામી પ્રત્યક્ષ-પરોક્ષ રીતે ૫૦ વર્ષની ઉજવણી તેમજ સોવેનિયર માટે જેઓએ સમય તાલંતોનો ભોગ આપેલ છે તેઓનો, જાહેરાતો લાવનાર-આપનાર સર્વનો આભાર માનવામાં આવ્યો.

ભજનસેવા બાદ કેક કાપવામાં આવેલ ને સર્વને આનંદનાં અવસરે કેક તેમજ ચા આપવામાં આવેલ. આભાર.

**પાળક**

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | |
|---|---|---|
| ૧. | ઉર્મિલાબેન આર. સોલંકી | ૫૦૦ |
| ૨. | જેનેટ પ્રશાંત ક્રિશ્ચિયન | ૫૦૦ |
| ૩. | રેવ. ડૉ. ઈમાનુએલ એસ. કાન્ત | ૫૦૦ |
| ૪. | પ્રાર્થના એ. કાપડીયા | ૧૦૦૦ |

નોંધ : શરતચૂકથી દાનની પહોંચ રહી ગયેલ હોય તો પાળકને જાણ કરશો. આભાર.

## ખાસ નોંધ

ચર્ચનાં તમામ સભાસદોને નમ્ર અરજ છે કે, જ્યારે તમે આપના માસિક તથા અન્ય દાન ઓનલાઈન જમા કરાવો છો તો આભાર. પરંતુ દાનની વિગતો દા.ત. જમા કરાવનારનું નામ દાન સામાન્ય/બર્થ ડે/ આભારસ્તુતિ કે અન્ય હેતુ માટે હોય તો તે અંગેની જાણકારી મંડળીનાં ટ્રેઝરરને જણાવશો જેથી તેની યોગ્ય નોંધ લઈ વ્યવસ્થિત રસીદ બનાવી શકાય. આપનાં સાથ-સહકાર બદલ આભાર.

**ટ્રેઝરર : શ્રી મનોજકુમાર સી. ચૌહાણ**

મો. નં. ૯૮૨૫૮૪૭૨૨૫

## BIRTHDATE IN SEPTEMBER

| | |
|---|---|
| ૧/૯ | રશ્મિબાળા સી. સોલંકી |
| ૨/૯ | રાજસ્નેહવદન શાહ |
| ૨/૯ | નિરવ જોસફ ક્રિશ્ચિયન |
| ૩/૯ | આર્થર એ. પેટ્રિક |
| ૪/૯ | સુરાગ કે. વાઘેલા |
| ૪/૯ | જેનીફર ડી. બોરકર (દુબઈ) |
| ૫/૯ | સુનિલ એસ. ભાટીયા |
| ૬/૯ | જીનલ સી. વરસડા |
| ૬/૯ | મૃગલોચના એસ. ક્રિશ્ચિયન |
| ૭/૯ | રીયાન જેમ્સ ક્રિશ્ચિયન |
| ૭/૯ | શેરોન એ. ક્રિશ્ચિયન (કેનેડા) |
| ૯/૯ | રોનાલ્ડ આર. રાઠોડ |
| ૧૦/૯ | એવીસ એ. ઈમાનુએલ |
| ૧૦/૯ | રોજર આર. રાઠોડ |
| ૧૦/૯ | રશ્મિકાન્ત કે. મેકવાન |
| ૧૦/૯ | રંજનબેન એ. સોલોમન |
| ૧૧/૯ | સેલીના આર. હિવાળે |
| ૧૧/૯ | એમ્બ્રોઝ એ. પેટ્રિક |
| ૧૧/૯ | ડોરોથીબેન જે. દાસ |
| ૧૧/૯ | હસુમતિ વી. રાઠોડ |
| ૧૫/૯ | નેવિલ એન. ક્રિશ્ચિયન |
| ૧૫/૯ | જોયસી ડી. મેકવાન (યુ.એસ.એ.) |
| ૧૭/૯ | આયરીન એ. ગામડીયા |
| ૧૭/૯ | ઓલ્ડીચ ઓ. ગામડીઆ |
| ૧૮/૯ | મીનાક્ષીબેન વી. ક્રિશ્ચિયન |
| ૧૯/૯ | સુનિલભાઈ કે. મેકવાન |
| ૧૯/૯ | જીમી એસ. ડેવિડ |
| ૧૯/૯ | પર્સી વી. ક્રિશ્ચિયન |
| ૨૦/૯ | પ્રિસ્કા આર. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) |
| ૨૧/૯ | ડેઝમન્ડ જી. મેકવાન (યુ.એસ.એ.) |
| ૨૨/૯ | નિલેશ્વરી એન. ક્રિશ્ચિયન |
| ૨૩/૯ | સુનિલ એ. ક્રિશ્ચિયન |
| ૨૪/૯ | શશીબાળાબેન એસ. પરમાર |
| ૨૬/૯ | રેનોલ્ડ એન. ક્રિશ્ચિયન (યુ.એસ.એ.) |
| ૨૯/૯ | હેરોલ્ડ સી. ક્રિસ્ટી |
| ૩૦/૯ | જીતેન્દ્ર ફિલીપ મહિડા (યુ.એસ.એ.) |
| ૩૦/૯ | બ્રિયાના જે. મહિડા (યુ.એસ.એ.) |
| ૩૦/૯ | રોશેલ કોલિન ડેવિડ |
| ૩૦/૯ | રેચલ કોલિન ડેવિડ |